રે.દિ.મુ.નં. ૭૯/૨૦૨૨

:: ***આંક–૫ લગત હુકમ*** ::

(૧) વાદીએ હાલનો દાવો વેચાણ દસ્તાવેજ રદબાતલ ઠરાવવા તેમજ ડેકલેરેશન તેમજ કાયમી મનાઈ હુકમ મેળવવા માટે દાખલ કરેલ છે તેમજ દાવા સાથે હાલની સી.પી.સી ઓર્ડર–૩૯ રૂલ–૧ તથા ૨ હેઠળ મનાઈ અરજી રજુ કરી દાવાનો આખરી નિકાલ ના આવે ત્યાં સુધી કામચલાઉ મનાઈ હુકમ ફરમાવવા દાદ માંગેલ છે.

વાદીની મનાઈ અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, મોજે. વાંસજડા (ઢેડીઆ) તા.કલોલ, જિ.ગાંધીનગરની સીમનાં સર્વે નં. ૧૧૩/૧ તથા ૧૧૩/૨ ના બ્લોક નં.૧૧૮ એકર ૯–૧૪ ગુંઠા તેમજ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૩–૭૮–૩૮ આકાર રૂા.૭.૦૩ વાળી ખેતીની જુની શરતની જમીન વાદીઓના મૈયત પિતા ઠાકોર જીવાજી શંકરજીનાઓ વારસાઈ હકકથી માલીક અને કબજેદાર બનેલ. પ્રતિવાદી નં.૧તથા ૨ નાઓને દાવાવાળી મિલકત વેચવા સારુ કોઈ ઈરીવોકેબલ જનરલ પાવર ઓફ એટર્ની આપેલ ન હોય છતા તેઓએ ખોટા દસ્તાવેજી પુરાવા ઉભા કરી વાદીઓના મૈયત પિતા ઠાકોર જીવાજી શંકરજીના નામે પ્રતિવાદી નં.૧ નાએ પોતાની સહીથી સ્ટેમ્પ પેપર ખરીદી તે સ્ટેમ્પ પેપર ઉપર દાવાવાળી મિલકત અન્વયે જમીનનાં માલીક કબજેદાર ઠાકોર જીવાજી શંકરજી, રમતુજી જીવાજી, ઠાકોર પ્રતાપજી જીવાજી, ઠાકોર ભવાનજી જીવાજી, ઠાકોર બુધાજી જીવાજીના ભરોસાપાત્ર (૧) ઠાકોર ભૂપતજી ઉર્ફે બોથાજી કકલજી(૨) ઠાકોર વિરાજી ચેલાજીને કુલમુખત્યાર તરીકે દર્શાવી એડવોકેટ નોટરી પ્રવિણ કે.સોલંકી સમક્ષ અનુક્રમ નં.૫૯૫૭ તા.૨૯/૮/૧૯૯૪નારોજ ખોટી જનરલ પાવર ઓફ એટર્ની કરાવી ખોટુ કુલમુખત્યારનામું ઉભુ કરી પ્રતિવાદી નં.૧ તથા ૨નાઓએ ભેગા મળી દાવાવાળી મિલકત અન્વયે રૂા.૧,૦૦,૦૦૦/–નો વેચાણ અવેજ દર્શાવી અનુક્રમે નં.૩૭૪, તા.૧૭/૦૨/૧૯૯૪નો ગેરકાયદેસર, તદન ખોટો વેચાણ રજિસ્ટર દસ્તાવેજ

કરાવી પ્રતિવાદી નં.૩ને કરી આપેલ ત્યારબાદ પ્રતિવાદી નં.૩ નાઓએ પ્રતિવાદી નં.૪ થી ૭ ને કરી આપેલ. જેમાં વાદીઓના વડીલની કોઈ સહી ન હોઈ, આ કામના પ્રતિવાદીઓ,એજન્ટો,નોકરો દાવાવાળી મિલકતમાં કોઈ ફેરફાર કે વેચાણ, ,ગીરો બક્ષીસ, કરે કરાવે નહી. કે તેમાં કોઈ ફેરફાર કરે કરાવે નહી તેવો દાવાના આખરી નિકાલ સુધી કામચલાઉ મનાઈ હુકમની માંગણી કરેલ છે.

(૨) આ કામે વાદીઓની મનાઈ અરજીની નોટીસ/સમન્સ ઈસ્યુ કરતા પ્રતિવાદીઓને બજી ગયેલ હોવા છતા પ્રતિવાદીઓ હાજર રહેલા ન હોય જેથી દાવો એક તરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) વાદી તરફે વિ.વ.શ્રી પી.કે.પંડયાની દલીલો સાંભળી.

**:: નિર્ણયો અંગેના કારણો ::**

(૪) મનાઈ હુકમ સંદર્ભે કાયદાકીય સ્થિતિ સેટલ્ડ છે કે મનાઈ હુકમ માંગનાર પક્ષકારે પોતાનો પ્રથમ દર્શનીય કેસ અગવડતા સગવડતાની સમતુલા અને જો અદાલતની દરમ્યાનગીરી નહી થાય તો પોતાને નાણામાં ન વાળી શકાય તેવુ નુકશાન થવાની પુરેપુરી શકયતા રહેલી છે. તે હકીકત ઠોસ અને સચોટ પુરાવાથી અદાલત સમક્ષ પ્રસ્થાપિત કરવાની રહે છે. ઉપરાંત મનાઈ હુકમની દાદ તે વિવેકાધીન સત્તા હોવાની અને અદાલતની વિવેક બુધ્ધી ઉપર નિર્ભર રહે છે. નામદાર ઉચ્ચતમ અદાલતના અનેક વિધ ચુકાદાઓથી પ્રસ્થાપિત થયેલ છે કે વિવેકાધીન સત્તાનો ઉપયોગ જયુડીશીયસલી થવો જોઈએ આરબીટરીડી કરી શકાય નહી.

ઉપરોકત ખ્યાલ સાથે હાલનો કેસ જોવામાં આવે તો વાદી એવા કેસ સાથે આવેલા છે કે પ્રતિવાદી નં.૧,૨ નાઓએ ખોટા પાવર ઓફ એટર્નીના

આધારે ૧૯૯૪માં દાવાવાળી મિલકતમાં વેચાણ દસ્તાવેજ કરાવી લીધેલ છે,ઉપરોકત હકીકતના સંદર્ભમાં વાદી તરફે માર્ક ૩/૪થી મેટ્રોપોલીટન એરીયા, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ પ્રતિવાદીઓએ સને ૧૯૯૪માં કરેલ પાવર ઓફ એટર્નીની તેઓનાં રજિસ્ટ્રરમાં કયાં અનુક્રમ નંબરથી નોંધવામાં આવેલ છે, પાવર કોને આપવામાં આવેલ છે તે અરજી ઉપર કોની સહી છે તેમજ પાવરમાં ઓળખ આપનાર તરીકે કોની સહી છે તેની માહિતી માંગતા સદર અરજી લગત જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રટશ્રી મેટ્રોપોલીટન એરીયા કોર્ટ નં.૧ અમદાવાદ શહેરનાઓ તરફથી માહિતી પુરી પાડવામાં આવેલ છે જે વંચાણે લેવામાં આવે તો તેઓના રજિસ્ટરે આવો કોઈ પાવર ઓફ એટર્ની નોંધાયેલ નથી તેમજ ઓળખાણ આપનાર વકીલની સહી તેમજ સનદ નંબર નથી તેમજ કોર્ટનાં સિકકામાં કરેલ સહી અવાચ્ય છે. જેના નામની ખબર પડી શકે નહી તેમજ તેઓની કચેરીનાં એસ.આર.પડેલ નથી કે રજિસ્ટરમાં નોંધાયેલ નથી. માર્ક ૩/૨થી ઈરીવોકેબલ પાવર ઓફ એટર્નીની નકલ રજુ કરેલ છે. જે વંચાણે લેવામાં આવે તો તેમાં કોઈ છેલ્લા પાને કોઈ તારીખ દર્શાવવામાં આવેલ નથી. જેથી સદર પાવરનામું પ્રથમ દર્શનીય રીતે શંકાસ્પદ જણાઈ આવે છે. પ્રતિવાદીઓ તરફે હાજર થઈ સદર હકીકતનું ખંડન કરવામાં આવેલ નથી. જેથી દાવાની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન કોઈ રક્ષણાત્મક હુકમ કરવામાં ન આવે તો દાવાવાળી મિલકતનું ઉત્તરોત્તર વેચાણ થાય અને દાવાદુવી વધવાની શકયતાઓ નકારી શકાય તેમ નથી જેથી દાવાવાળી મિલકતની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવામાં આવે તો પ્રતિવાદી પક્ષને પણ કોઈ પુર્વગ્રહ થાય તેમ ન હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– : હુકમ :–**

– વાદીઓની અરજી અશંતઃ મંજુર કરવામાં આવે છે.

– દાવાના બંને પક્ષકારોએ દાવાના આખરી નિકાલ સુધી દાવાવાળી મિલકતની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૧૫ માહે , માર્ચ સને ૨૦૨૫ નાં રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૫/૦૩/૨૦૨૫
સ્થળ : કલોલ

**( યુ.બી.દેવડા )**
એડીશનલ સિનિયર સિવિલ જજ
કલોલ (જીજે ૦૧૨૫૯)